


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૪ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૬, રવિવાર ; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાષ્ટ્રહિતમાં કઠોર નિર્ણય લેતા ખચકાઈશું નહીં : મોદી




## રાયગઢ ખાતે નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિક્યુરિટી માર્કેટના નવા જ કેમ્પસનું મોદી દ્વારા ઉદ્‌ઘાટન : નોટબંધીના કારણે પડેલી તકલીફ ટૂંકાગાળાની છે : વધુ મજબૂત અને પારદર્શક આર્થિક નીતિ અપનાવાશે

નવીદિલ્હી,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વધુ ઝડપી અને નક્કર સુધારાઓ હાથ ધરવાનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે તેમની સરકાર રાષ્ટ્રના હિતમાં વધુ કઠોર પગલા લેતા પણ ખચકાશે નહીં. તેમણે કહ્યું હતું કે, નોટબંધીના કારણે ઉભી થયેલી તકલીફ કામચલાઉ છે. લાંબાગાળે આનાથી ફાયદો થશે. મહારાષ્ટ્રના રાયગઢમાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિક્યુરિટી માર્કેટના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કરતા મોદીએ કહ્યું હતું કે, સરકાર લાંબા ગાળાની પોલિસીઓ રજૂ કરવા જઈ રહી છે જે વધુ સ્થિર અને ટકાઉ રહેશે. આનાથી આર્થિક વિકાસની ગતિ વધુ ઝડપી બનશે. સિક્યુરિટી એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિક્યુરિટી માર્કેટને ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી, મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવ, રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ, સેબીના ચેરમેન યુકે સિંહા અને અન્ય કેટલાક અધિકારીઓ તથા બેંકરો ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર વધુ પારદર્શક અને મજબૂત આર્થિક નીતિઓને આગળ વધારવા માટે કટિબદ્ધ છે. ટૂંકાગાળામાં રાજકીય હિતોને ધ્યાનમાં લઈને તેમની સરકાર નિર્ણય કરશે નહીં. તેમણે કબૂલાત કરી હતી કે, નોટબંધીના કારણે લોકોને ટુંકાગાળાની તકલીફ થઈ રહી છે પરંતુ લાંબા ગાળે આના કારણે ફાયદો થશે. તેમણે ઉમેર્યું હતું કે, તેમનું સ્વપ્ન ભારતને એક જનરેશનમાં વિકસિત દેશ બનાવવાનું છે. તેમની સરકારે ગત ૨૦૧૪માં સત્તા સંભાળી લીધા બાદ દેશનું અર્થતંત્ર ટ્રાન્સફોર્મ બનાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે જવાબદારી સંભાળવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ૩૦મી બાદ કોઈ મધ્યમ વર્ગ માટેની જાહેરાતના અણસાર

### આચારસંહિતા અમલી નહીં બને તો મોટી જાહેરાત : ખેડૂતોની લોન માફી, કનેક્શનની સાથે બે વર્ષ સુધી મફત ગેસ, સ્કોલરશીપ, વ્યાજરહિત લોન યોજના જાહેર થશે

નવી દિલ્હી,તા. ૨૪

નોટબંધીના ૫૦ દિવસની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ વડાપ્રધાન તરફથી કોઈ મોટા નિર્ણયની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આના માટેની ગતિવિધિ ચાલી રહી છે. ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી અને નોટબંધી દરમિયાન લોકોને થયેલી પરેશાનીને ધ્યાનમાં લઈને ૩૦મી ડિસેમ્બર બાદ મોદી રાહતના કેટલાક મોટા પગલાની જાહેરાત કરી શકે છે. આ જાહેરાતો શું રહેશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી અંદાજો મુકવામાં આવી રહ્યો છે. સૂત્રોના કહેવા મુજબ પીએમઓએ કૃષિ અને પેટ્રોલિયમ મંત્રાલય સાથે ખેડૂતોની દેવાની સ્થિતિ અંગે અને ઉજ્જવળા યોજના અંગે રિપોર્ટ માંગ્યો છે. આનાથી સંકેત મળે છે કે, આ બે ક્ષેત્રોમાં મોટી રાહતો જાહેર થઈ શકે છે. ખેડૂતોના દેવાને માફ કરવા માટેની માંગ અનેક રાજ્યોમાંથી આવી રહી છે પરંતુ આ સંદર્ભમાં જાહેરાત કરતા પહેલા નાણામંત્રાલય સાથે સંપર્ક કરવામાં આવશે. બીજી બાજુ ઉજ્જળા યોજનાના સંદર્ભમાં સરકારનો ઈરાદો છે કે, એલપીજી કનેક્શન આપવાની સાથે સાથે આગામી બે વર્ષ સુધી મફત ગેસ આપવાની જાહેરાત થઈ શકે છે. ત્રીજા વિકલ્પ તરીકે એક કરોડ વિદ્યાર્થીઓને સ્કોલરશીપને નોટબંધીના રિટર્ન ગીફ્ટ તરીકે રજૂ કરવામાં આવી શકે છે. ચોથા વિકલ્પ તરીકે સસ્તા ઘર બનાવવા માટે કેટલીક મફત રકમની સાથે સાથે વ્યાજ રહિત લોનની સંભાવના ઉપર પણ વિચારણા ચાલી રહી છે. મોદી ૩૦મી ડિસેમ્બર બાદ કેટલીક મોટી જાહેરાત ચોક્કસપણે કરી શકે છે. આવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## ૫૦૦ની નવી નોટ છાપવાની કામગીરી ત્રણ ગણી કરાઈ

નવી દિલ્હી,તા. ૨૪

નવી જારી કરવામાં આવેલી કરેન્સીને ધ્યાનમાં લઈને નાસિકની કરેન્સી નોટ પ્રેસમાં દરરોજ વધારે પ્રમાણમાં ૫૦૦ રૂપિયાની નોટ છાપવામાં આવી રહી છે. પહેલાની તુલનામાં વધારે કરેન્સી નોટ પ્રકાશિત કરવામાં આવી રહી છે. ૫૦૦ રૂપિયાની નોટ છાપવાની સંખ્યાને પહેલા કરતા ત્રણ ગણી કરી દેવામાં આવી છે. સીઓએનપીના સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે અમે ૫૦૦ રૂપિયાની નવી નોટ છાપવાની પ્રક્રિયાને ઝડપી કરી છે. નવેમ્બરના મધ્યમાં ૩૫ લાખ નોટ છાપવાની પ્રક્રિયા રોજ ચાલી રહી હતી. જેની સામે હવે રોજ એક કરોડ નોટ છાપી દેવામાં આવે છે. અમે અલગ પ્રકારના એક કરોડ ૯૦ લાખ નોટ છાપી રહ્યા છીએ. જેમાં એક કરોડ નોટ તો માત્ર ૫૦૦ રૂપિયામાં છે. અન્ય નોટમાં ૧૦૦, ૫૦ અને ૨૦ રૂપિયાની નોટનો સમાવેશ થાય છે. અત્રે નોંધનીય છે કે નાસિક પ્રેસમાં ૨૦૦૦ની નોટ છાપવામાં આવતી નથી. નોટબંધી બાદથી શુક્રવારે સીએનપી દ્વારા સૌથી વધારે કરેન્સી મોકલી દીધી છે.









## કર્મચારીઓ પર નજર રાખવા બેંકોને આદેશ

### સરકાર દ્વારા તમામ બેંકોને સ્પષ્ટ સૂચના : કોઈપણ પ્રકારની મનીલોન્ડરિંગ અંગે ગતિવિધિમાં બેંકિંગ કર્મચારી સામેલ ન થઈ શકે તે માટે આદેશ જારી કરાયા

નવી દિલ્હી,તા. ૨૪

સરકારી બેંકોને ચીફ વિજિલન્સ ઓફિસરોને કહેવામાં આવ્યું છે કે, તેઓ પોતાના કર્મચારીઓ ઉપર બાજ નજર રાખે. બેંકિંગ કર્મચારીઓ કોઈપણ પ્રકારના મની લોન્ડરિંગમાં સામેલ ન થઈ શકે તે માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત નિયમોના ભંગની માહિતી આપવામાં માટે પણ કહેવામાં આવ્યું છે.

સરકારે કહ્યું છે કે, બેંકોને પોતાના સ્ટાફ ઉપર નજર રાખવી જોઈએ જેથી એવું કોઈ કામ ન થઈ શકે જેના કારણે નોટબંધીની ઝુંબેશને નુકસાન થાય છે. નાણામંત્રાલયના એક એધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, અમે અધિકારીઓને નજર રાખવા માટે કહી ચુકયા છે. ઈન્ટેલિજન્સ નેટવર્કનો ઉપયોગ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## લકી ગ્રાહક યોજના-ડીજી-ધન વેપારી યોજના આજે લોંચ થશે

### બે સ્કીમો હેઠળ લોકો-વેપારીઓને લાભ અપાશે : સ્કીમો ૧૦૦ દિવસ સુધી ચાલશે : ગ્રાહકો અને વેપારીઓ પાસે કરોડો રૂપિયા જીતવા માટેની તક રહેશે

મુંબઈ,તા. ૨૪

આ વર્ષે ક્રિસમસના પ્રસંગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ મોટી જાહેરાત કરવાના મુડમાં છે. મોદી સરકાર તમામ દેશવાસીઓ માટે શાંતાક્લોઝ સાબિત થઈ શકે છે. ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદ ડિજિટલ પેમેન્ટ કરનાર લોકોને ક્રિસમસ ભેંટ આપી શકે છે. ૨૫મી ડિસેમ્બરથી મોદી સરકાર ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુસર બે સ્કીમો શરૂ કરવા જઈ રહી છે જેમાં લકી ગ્રાહક યોજના અને બીજી ધન વ્યાપારી યોજનાનો સમાવેશ થાય છે. આ હેઠળ ડિજિટલ પેમેન્ટ કરનાર ગ્રાહકો અને વેપારીઓને

● અનુસંધાન પાન-૭ પર














